

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-23 ■ તા. 16-6-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યોઃ રાજકોટ, જામનગર અને નવસારી સહિત અનેક ભાગોમાં ધોધમાર વરસાદ

ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થઈ ગયું છે. ત્યારે આજે (૧૫મી જૂન) રાજયના વિવિધ ભોગોમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજકોટમાં સતત બીજા દિવસે કાલાવડ રોડ, એરપોર્ટ રોડ, હનુમાન મઢી ચોક, જિલ્લા પંચાયત ચોક, કલેક્ટર ઓફિસ, યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત અમરેલી, જામનગર, નવસારી, ડાંગ અને ભરૂચમાં મેઘરાજાએ પધરામણી કરી હતી.

સૌરાષ્ટ્રમાં આજે પણ વરસાદી માહોલ જામ્યો હતો. આજે બપોર બાદ સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ તૂટી પડ્યો હતો. જેમાં રાજકોટ, અમરેલી, જામનગર, ભાવનગર, જામનગર, દ્વારકા સહિતના જિલ્લાઓમાં વરસાદ વરસ્યો હતો. અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતા અનેક નીચાણવાળા ગામોમાં



પાણી ભરાઈ ગયા હતા.

અમરેલી જિલ્લાના વડિયા પંથકમાં બપોર બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વડિયા શહેર અને આસપાસના વિસ્તારોમાં ધોધામર વરસાદ ખાબકતાં રસ્તાઓ પર પાણી વહેતાં થયાં હતાં. નવસારીમાં આજે વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

રાજયમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો ૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ભાવનગર જિલ્લાના પાલિતાણામાં ૩૦ મિમી વરસાદ નોંધાયો છે. પાલિતાણા બાદ ડાંગના વઘઈમાં ૧૨ મિમી, ભાવનગરના તળાજામાં ૧૧ મિમી, જયારે ગાંધીનગરના માણસામાં ૯ મિમી વરસાદ નોંધાયો છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, રાજયના વિવિધ ભાગોમાં છુટોછવાયો વરસાદ પડશે. પરંતુ ૧૭મીથી ૨૨મી જૂન દરમિયાન જે વરસાદ પડશે તે ભારે પવન સાથે હશે. જેમાં કેટલાક સ્થળોએ વૃક્ષો પડવાની અને કાચા મકાનોના છાપરા ઉડી જવાની પણ શક્યતા છે.'

## દેશની ૮૯ ટકા સંપત્તિ સામાન્ય વર્ગ પાસે, દલિતોની ભાગીદારી ૨.૬%, એક પણ આદિવાસી અબજપતિ નહીં



દેશની ૮૫ ટકાથી વધુ સંપત્તિ ઉચ્ચ જાતિ એટલે કે સામાન્ય વર્ગના લોકો પાસે છે. જયારે અનુસૂચિત જાતિ વર્ગના લોકો પાસે માત્ર ૨.૬ ટકા હિસ્સો છે. આ આંકડા વર્ષ ૨૦૨૨ સુધીના છે. આ માહિતી વર્લ્ડ ઈનઈક્વાલિટી લેબ દ્વારા રજૂ કરવામાં આવેલા રિસર્ચ રિપોર્ટ પરથી જાણવા મળ્યા છે. આ રિસર્ચ ચોક્કસપણે સામાજિક-આર્થિક અસમાનતાને પ્રકાશિત કરે છે. જે દર્શાવે છે કે દેશની કુલ સંપત્તિનો મોટાભાગનો હિસ્સો મર્યાદિત વર્ગ પાસે છે. મે, ૨૦૨૪માં 'ટુવર્ડ્સ ટેક્સ જસ્ટિસ એન્ડ વેલ્થ રિ-ડિસ્ટ્રિબ્યૂશન ઈન ઈન્ડિયા' શીર્ષક હેઠળ આ રિસર્ચ રિપોર્ટ જારી કરવામાં આવ્યો હતો. એનએસએસઓ દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ દેશમાં ઓબીસી કેટેગરીની વસ્તી ૪૦.૯૪%, એસસી કેટેગરીની વસ્તી ૧૯.૫૯%, એસટી કેટેગરીની વસ્તી ૮.૬૩% અને અન્ય કેટેગરીની વસ્તી ૩૦.૮૦% છે. દેશમાં અસમાનતાનો મુદ્દો હંમેશાથી ચર્ચામાં રહ્યો છે. ગરીબ વધુ ગરીબ અને અમીર વધુ અમીર બની રહ્યો હોવાના અનેક પુરાવા જોવા મળ્યા છે. આ વખતે કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં આવક અને સંપત્તિ મામલે અસમાનતાને સૌથી મોટો મુદ્દો બનાવ્યો હતો. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જો ભારતમાં ગઠબંધનની સરકાર બનશે તો એક આર્થિક સર્વે કરવામાં આવશે અને તેના દ્વારા જાણવામાં આવશે કે દેશના સંસાધનો પર દરેક જાતિ અને સમુદાયનો કેટલો અધિકાર છે. રાહુલ ગાંધીએ પોતાની ઘણી ચૂંટણી રેલીઓમાં કહ્યું હતું કે જો ભારત ગઠબંધન સત્તામાં આવશે તો આ પહેલું કામ કરશે. પોતાની ચૂંટણી રેલીઓમાં રાહુલ ગાંધીએ પણ સતત કહ્યું કે ભારતમાં ૪૦ ટકા સંપત્તિ માત્ર એક ટકા લોકો પાસે છે. ગયા વર્ષે ઓક્સફેમ ઈન્ટરનેશનલે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક રિપોર્ટ બહાર પાડ્યો હતો અને તેમાં ખુલાસો થયો હતો કે ભારતના સૌથી ધનિક ૧% લોકો દેશની કુલ સંપત્તિના ૪૦%થી વધુની માલિકી ધરાવે છે. જયારે અડધી વસ્તી કુલ સંપત્તિના માત્ર ૩% જ ધરાવે છે. જો ભારતના દસ સૌથી ધનાઢ્ય લોકો પર ૫% ટેક્સ લાદવામાં આવે તો તમામ બાળકોને શાળાએ મોકલવા માટે પર્યાપ્ત રકમ જનરેટ થઈ શકે છે.

## ડ્રગ્સનો 'દરિયો': દ્વારકાના દરિયાકાંઠેથી ચરસના ૪૦ પેકેટ મળ્યા, કિંમત ૨૦ કરોડને પાર હોવાનું અનુમાન

: દ્વારકા નજીકના દરિયાકાંઠેથી નશીલા પદાર્થનો જથ્થો મળવાનો સિલસિલો યથાવત છે. ત્યારે આજે (૧૫મી જૂન) પોલીસને સર્ચ ઓપરેશન દરમિયાન દરિયાકાંઠથી ૪૦ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા હતી. જેની કિંમત અંદાજે ૨૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. નોંધનીય છે કે, છેલ્લા એક અઠવાડિયામાં ચરસના આશરે ૧૦૦ જેટલાં પેકેટ મળ્યા છે. જેની કિંમત ૫૦ કરોડ સુધીની હોવાનું અનુમાન છે.



થોડા દિવસો પહેલાં રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી ચરસનાં ૩૦ પેકેટનો જથ્થો મળી આવ્યો હતો, જેનું કુલ વજન ૩૨.૦૫૩ કિલો હતું અને તેની કિંમત ૧૬.૬૫ કરોડ જેટલી થાય છે. ત્યારબાદ ફરી દ્વારકાના દરિયાકાંઠેથી ૧૬.૦૩ કરોડની કિંમતનો ૩૨ કિલો ચરસનો જથ્થો મળ્યો હતો. આજે દ્વારકા તાબેના વાંચ્છું ગામ વિસ્તારમાં આવેલા દરિયાકિનારા પાસે ચરસનો કેટલોક જથ્થો પોલીસને મળ મળ્યો હતો.

## જયશંકર ફરીવાર વિદેશ મંત્રી થતાં ચીન શા માટે ગભરાય છે ? : તેને ભારતનાં વલણની ભારે ચિંતા છે

બૈજિંગ : નરેન્દ્ર મોદીએ તેઓના ત્રીજા કાર્યકાળના પ્રારંભે જ સુબ્રમણ્યમ જયશંકરને બીજી વાર વિદેશમંત્રી પદે નિયુક્ત કર્યા છે. ચીન તેથી ગભરાયું છે. ચીનના ઘણા એક્સપર્ટસ કહે છે કે હવે ચીન પ્રત્યે ભારતનું વલણ નહીં બદલાય. ૬૯ વર્ષના જયશંકર ભારતીય જનતા પાર્ટીના વરિષ્ટ નેતાઓ પૈકીના એક મનાય છે. તે અલગ વાત છે. પરંતુ ધ્યાન આપવા જેવી બાબતો તે છે કે પહેલેથી જ અભ્યાસમાં તેજસ્વી તેવા જયશંકર યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમીશન)ની કઠોરતમ મનાલી પરીક્ષામાં ખૂબ ઊંચા ગુણો પાસ થયા હતા. તેઓએ અંતર રાષ્ટ્રીય સંબંધોના વિષયમાં ડૉક્ટરેટ (પીએચડી)ની ઉપાધી પણ પ્રાપ્ત કરી હતી. તેઓએ વિદેશ મંત્રી પદ સંભાળ્યું તે પૂર્વે ૨૦૦૦થી ૨૦૦૪ ચેકરીપબ્લિકમાં રાજદૂત તરીકે હતા. ૨૦૦૭થી ૨૦૦૯ સિંગાપુરમાં હાઈકમિશનર પદે હતા. ચીનમાં, ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી રાજદૂત તરીકે હતા. ૨૦૧૩-૨૦૧૫ અમેરિકામાં રાજદૂત પદે હતા. ૨૦૧૫થી ૨૦૧૮ ભારતના વિદેશ સચિવ (ફોરેન સેક્રેટરી) પદે હતા. તેઓએ મોસ્કો, કોલંબો, બુડાપેસ્ટ અને ટોક્યોનાં દૂતાવાસોમાં પણ ફર્સ્ટ ઓફીસર અને ઉપરાજદૂત (કોન્સલ-જનરલ) તરીકે પણ સેવાઓ આપી છે. આમ જયશંકર બહુવિધ અનુભવો ધરાવે છે. અનેક પરિસ્થિતિમાં પણ વિદેશોમાં ભારતીય નીતિઓનું રક્ષણ કર્યું છે.

ચીનનાં સરકારી મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સે ચીનની પ્રસંશા કરતાં લખ્યું છે કે ભારતથી તદ્દન વિરૂધ્ધ ચીને કેટલીયે વાર ભારતને સકારાત્મક સંદેશાઓ મોકલ્યા છે. એક્સપર્ટસ કહે છે કે ભારત-સાથે દ્વિપક્ષીય સંબંધો વિકસાવવામાં ભારત ચીન સાથે મળીને કામ કરે અને તાલમેલ રાખે. પરંતુ જો વિદેશ મંત્રી તરીકે જયશંકર તેમનું વલણ નહી બદલે તો ચીન-પણ જવાબી પગલાં ઉઠાવશે જ.

ચીનનાં આ વલણ અંગે સાયગેલોજિસ્ટ (ચીન જ્ઞાતાઓ) કહે છે કે ચીન તેના તમામ પાડોશી દેશો સાથે સંબંધો બગાડયા છે.

## ગાંધીનગર ખાતે ગુજરાત પ્રેસ અકાદમી- ગ્રંથાલય નિયામકના ઉપક્રમે પ્રથમવાર 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- છૈંના પ્રભાવ વચ્ચે સમાજ, દેશ- દુનિયા સાથે તાલ મિલાવવા યુવાનોમાં વિવિધ વાંચન અને સર્જનાત્મકતા જરૂરી છે. છૈંના યુગમાં આપણે સર્જન શક્તિથી દૂર થઈ રહ્યા છીએ ત્યારે વિવિધ વાંચન જ બાળકો તેમજ યુવાનોને તેમના મૂળ-સંસ્કારો સાથે જોડી રાખશે તેમ, આજે ગાંધીનગર ખાતે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે જણાવ્યું હતું. ગુજરાત પ્રેસ અકાદમી અને ગ્રંથાલય નિયામકના સંયુક્ત ઉપક્રમે આજે નવતર પહેલના ભાગરૂપે પ્રથમવાર 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત સાહિત્યકાર - પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ અને વરિષ્ઠ



કોલમિસ્ટ શ્રી ભવેન કચ્છીએ તેમની સર્જક તરીકેની સફળ યાત્રાના અનુભવો સાહિત્યપ્રેમીઓ-શ્રોતાઓ સાથે સાજા કર્યા હતા. વાંચનનો અનોખો શોખ ધરાવતા અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોમાં વાંચનનો શોખ વધે તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૧૦માં ગુજરાતમાં પ્રથમવાર 'વાંચે ગુજરાત' અભિયાન શરૂ કર્યું હતું. આ સફળ અભિયાનને આગળ વધારતા આગામી સમયમાં રાજયમાં 'વાંચે ગુજરાત અભિયાન' ૨.૦ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. મોબાઈલની દુનિયામાં વાંચનનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યારે બાળકો-યુવાનોમાં વાંચનનો શોખ જળવાઈ રહે તે માટે રાજય સરકાર દ્વારા જિલ્લા મથકોએ આધુનિક ગ્રંથાલયોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ટેકનોલોજીના યુગમાં ઓડિયો દ્વારા પણ સારા પુસ્તકો સાંભળીને વાંચી શકાય છે તેવા તેમના પોતાના અનુભવો પણ આ પ્રસંગે શેર કર્યા હતા.

સ્પર્ધાત્મક પરીક્ષામાં વિવિધ વિષયોનું વાંચન જ વિદ્યાર્થીને સફળતા અપાવે છે તેમ તેમણે જણાવી આ સંવાદના અનોખા આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણીએ આ પ્રસંગે એક જ છત નીચે ઉપસ્થિત વાચક, વાહક, સાધક, લેખક અને સર્જકોને આવકારતા કહ્યું હતું કે, ઋગ્વેદમાં પણ ઉલ્લેખ છે કે, 'હે પ્રભુ ચારેય દિશામાંથી અમારા માટે ઉત્તમ વિચારો વહેતા રહે'. સારા પુસ્તકો પ્રસિદ્ધ થાય છે પણ તેના સર્જક-લેખકને આ સુંદર પુસ્તકો લખવાનો વિચાર ક્યાંથી- કેવી રીતે આવ્યો ? તેના માટે આજે આ 'સર્જક સાથે સીધો સંવાદ' સ્વરૂપે આ એક કાર્યક્રમ કરવાની પ્રથમ નવતર પહેલ હાથ ધરી છે. આ સંવાદની સફળતા બાદ આગામી સમયમાં જિલ્લા મથકે પણ આ પ્રકારના 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજવામાં આવશે.

## કલોલની ફેક્ટરીમાં કામદારનું મોત થતા પરિવારજનો હોબાળો

કલોલ : કલોલ જીઆઈડીસીમાં આવેલ ધીરજ એન્જિનિયરિંગ વર્ક નામની કંપનીમાં કામ કરતા કામદારનું કરંટ લાગતા મોત નીપજ્યું હતું બનાવને પગલે પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો યુવક ને કલોલ ની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં દોડી આવેલા પરિવારજનોએ કંપની સામે ગંભીર આક્ષેપો કરી ભારે હોબાળો કર્યો હતો અને કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી




આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલ જીઆઈડીસી માં આવેલા ધીરજ એન્જિનિયરિંગ વર્ક નામની કંપનીમાં કામ કરતો કામદાર કરણભાઈ અર્જુનભાઈ સલાટ ઉંમર વર્ષ ૨૮ નિત્યક્રમ મુજબ કામ કરતો હતો ત્યારે તેને કરંટ લાગ્યો હતો જેથી તેને કલોલની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મરણ ગયેલ જાહેર કર્યો હતો બનાવની જાણ તેના પરિવારજનોને કરવામાં આવી હતી જેના પગલે તેના પરિવારજનો હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ભારે કલ્પાંત કરી મૂક્યું હતું? ચાર દીકરીઓના પિતાના મોતથી પરિવારજનો ઉપર દુઃખનો પહાડ તૂટી પડયો હતો અને પરિવાર નોંધારો બન્યો હતો પરિવારજનોએ કંપની સામે ગંભીર આક્ષેપો કર્યા હતા તેમજ કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી આક્રોશભેર માંગણી કરી હતી બનાવાની પોલીસે જરૂરી નોંધ કરીને તપાસ ચલાવી છે.

**તંત્રી લેખ......**

## હવે લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસીની અવેજમાં લોન મળશે

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈર્ડાઈ)એ લાઈફ ઈન્સ્યોરન્સ અંગે માસ્ટર સર્ક્યુલર બહાર પાડ્યો છે. જે અનુસાર, હવે તમામ લાઈફ ઈન્સ્યોરન્સ સેવિંગ્સ પ્રોડક્ટ્સ પર પોલિસી લોનની સુવિધા ફરજિયાત છે. અર્થાત, હવે પોલિસી ધારકોને તેમની રોકડ જરૂરિયાતો પહોંચી વળવામાં મદદ મળશે. તમામ પોલિસી ધારકો માટે નિયમો અને શરતોની સમીક્ષા કરવા માટે ફ્રી લુક પિરિયડ ૧૫ દિવસથી વધારીને ૩૦ દિવસ કરવામાં આવ્યો છે. નવો માસ્ટર સર્ક્યુલર પોલિસીધારકોના હિતોને ધ્યાનમાં રાખીને વીમા નિયમનકાર દ્વારા લેવામાં આવેલા સુધારાઓની શ્રેણીમાં એક મહત્વપૂર્ણ પગલું છે. હવે ઈનોવેશન્સને પ્રોત્સાહન આપવા, ગ્રાહક અનુભવ અને સંતોષ વધારવા ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરે લાઈફ ઈન્સ્યોરન્સને સરળ બનાવવા આ પગલું ભર્યું છેપેન્શન પ્રોડક્ટ્સ હેઠળ આંશિક ઉપાડની સુવિધા પૂરી પાડવામાં આવે છે, જે પોલિસીધારકોને તેમની જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓ જેમ કે ઉચ્ચ શિક્ષણ અથવા બાળકોના લગ્ન, રહેણાંક મકાન/ફ્લેટની ખરીદી/બાંધકામ, તબીબી ખર્ચ અને ગંભીર બીમારીની સારવાર માટે સક્ષમ બનાવે છે. નવી માર્ગદર્શિકા મુજબ, જીવન વીમા કંપનીઓએ પોલિસી ધારકોને વ્યાપક વિકલ્પો પ્રદાન કરવા માટે રાઈડર્સ પ્રદાન કરવા જરૂરી છે.વીમાધારકો ઈન્સ્યોરન્સ પોલિસીની અવેજમાં લોન મેવી શકશે. અત્યારસુધી આ સુવિધા માત્ર પારંપારિક ઈન્સ્યોરન્સ પોલિસીમાં જ ઉપલબ્ધ હતી. જે હવે લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસીમાં પણ ઉપલબ્ધ થશે.

## પત્રાવળી-૫૦




રવિવારની સવાર

સૌ પંગતમિત્રો !

પાંગત અને પંગત શબ્દો જાણીતા છે. પાંગત તો ખાટલામાં કાથી કે પાટી ભર્યા પછી પગ જે બાજુ રહેવાના છે ત્યાંનું ભરત જુદું પડે તે ખાટલાનો છેવાડાનો ભાગપ.ને ખાટલાનું 'વાણ' ઢીલું પડે પછી એ ભરતની દોરી ખેંચે તેને 'પાંગત તાણી' એમ કહે છે. (ગમે તેવી પાટી હોય કે કાથી, પણ સમયસમયે એની પાંગત તાણવી પડતી હોય છે. આ જ વાત જીવનમાં પણ બનતી રહે છે. અવારનવાર રોજિંદાં કાર્યોની ઢીલ તપાસીને એને ખેંચવી પડતી હોય છે.)

પંગત શબ્દ જમવા માટે બેઠેલાંઓની હારને કહે છે. પંગતના બીજાય અર્થો છે. પણ આપણે બધાં તો પત્રાવળીએ બેઠાં છયેં તેથી આપણી પંગત તો પીરસવા ને જમવા સાથે જ જોડેલી રહે.

આ પત્રનું સંબોધન તો મારે ''પ્રિય પિરસણિયાજીઓ !'' એમ કરવું હતું પણ પછી થયું કે આપણે પીરસીનેય જમનારાં પણ છીએ જ. બલકે સામાન્ય રિવાજે તો પીરસનારાંનો વારો જમવામાં છેલ્લો હોય જ્યારે આપણે તો સૌ પહેલાં આપણા પત્રો એકબીજાંને જમાડીને પછી જ બહાર પીરસીએ છીએ – શબરીની જેમ – એટલે પછી 'પંગતી મિત્રો' કહીને સંતોષ રાખ્યો.

આપણી સાંભરણમાં સૌથી જૂનો ને જાણીતો પત્ર કયો ? મારી સાંભરણમાં તો રુકમણિએ કૃષ્ણને લખેલો તે જ કે બીજો કોઈ હશે ? મધ્યકાળમાં કોઈ રાજાને કોઈ બહેને પત્ર લખીને રક્ષા માગ્યાની વાત પણ વાંચી છે. એ જમાનામાં ટપાલી નહીં, કાસદ હતા. પણ કબૂતરોનેય ટપાલી બનાવીને કામ ચલાવી લીધાંની નોંધો મળે છે. કબૂતરો કને જાસૂસી કરાવ્યાની વાતોય મળે છે તો 'ગુંજ ઊઠી શહેનાઈ'માં ''ખત ક્યા, ખબર હૈ ખબર'' કહીને પત્રો વાંચી લઈને લડાવ્યા કરનારો ટપાલી જોવા મળે છે.

એક સંસ્કૃત મહાકાવ્યમાં ઉલ્લેખ આવે છે તે મુજબ એક રાજા પોતાનો સંદેશો એક પ્રેમી યુવાન સાથે મોકલે છે જેમાં એ રાજાને લખે છે કે આ પત્ર લાવનારને 'વિષ' આપજો ! પત્ર લઈ જનાર રસ્તામાં એ પત્ર વાંચે છેપ..પત્ર મેળવનાર રાજાની પુત્રીનું નામ વિષયા હોય છે, જેની સાથે આ સંદેશ લઈ જનારને પ્રેમ હોય છે ! પરિણામે તે યુવાન પત્રમાં સુધારો કરીને 'વિષ'નુ 'વિષયા' કરી દે છે !! ને એમ મોતને બદલે પ્રેમિકા પામે છે !

પત્રોનું તો ભૈ એવું !

આપણા જાણીતા ને માનીતા લેખક ધૂમકેતુને તો મરિયમના પત્રની રાહ જોતા પિતા અલીડોસાની વાર્તા 'પોસ્ટઑફિસે' પ્રસિદ્ધ બનાવી દીધા.

આપણે સૌએ આ આટલા દિવસો–મહિનાઓમાં કેટકેટલા પ્રદેશો ખૂંદ્યા ?! એક પછી એક પત્રો મૂકતાં ગયાં ને અનેક વિષયોને વહેંચતાં રહ્યાં. આપણા પીરસેલાં ભાણાંમાં વાનગીનું વૈવિધ્ય તો વધતું જ રહ્યું પણ પંગતે બેસનારાંઓની સંખ્યાય વધતી ગઈ. ચાખનારાં–જમનારાંઓમાંનાં કેટલાકોએ તો વાનગીઓને વખાણીય ખરી. (ખીચડી દાઢે વળગીના સમાચાર આપણામાંથી કોઈને મળ્યા હોય તો કહેજો પાછા !)

જાનેવારીની પહેલી તારીખે પહેલો પત્ર આપણે મૂક્યો હતો. વચ્ચે આપણી વચ્ચે વાત હતી કે પત્રાવળીના ભોજનને મહાભોજ બનાવવા એમાં ૫૬ ભોગ ધરાવીને પૂરું કરીશું. એ ગણતરીએ આપણે, જાનેવારી આવું આવું હશે ને આપણો આ ભોજસમારંભ પૂરો થવામાં હશે. એટલે આજ સુધી તો આપણે સૌ એકબીજાં લખનારાંને સંબોધીને લખતાં હતાં તે આજે આપણા ભોજકોનેય સંબોધીએ કે આપ સૌ પણ આ સમેટાવા જઈ રહેલા ભોજનવ્યવહારના યજમાનોને જમ્યાંના ઓડકારરૂપે આશીર્વાદી ટિપ્પણીઓથી ખુશ કરજો !

પત્રો તો ઊડતાં, વહેતાં, ફરફરતાં, મર્મરતાં પર્ણો (પાન, પત્ર) છે ! કેવી મજાની અર્થચ્છાયાઓ આ પત્ર શબ્દને મળી છે ! આપણે એને આજ સુધી મોટે ભાગે ભોજનથાળરૂપે ગણાવી છે. ભોજન સૌને વહાલું હોય તે ખરું પણ સાહિત્યજગતમાં તો વૃક્ષ એનાં પર્ણો થકી સર્વજનસુખાય બની રહ્યું છે. ''વૃક્ષને તો પત્રં, પુષ્પં, ફલં તોયમ્'' સર્વ રીતે સમૃદ્ધિનું સાધન–માધ્યમ ગણીને એનો મહિમા કરાયો છે.

આપણા આ પત્રો એ કક્ષાને પ્રાપ્ત થાય તો કેવી ભાગ્યશાળી બની રહે આપણી આ પત્રશ્રેણી !!

આશા રાખીએ કે

# શ્રીમદ ભગવદગીતાનો પ્રભાવ

એક પોલીસ કોન્સ્ટેબલની બદલી શહેરથી નજીકના ગામમાં થાય છે ત્યાં રહેવા માટે ભાડાનું મકાન રાખીને રહે છે.એક દિવસ પોતાની ફરજ પુરી કરીને રાત્રિના સમયે તે પોતાની રૂમ ઉપર જઇ રહ્યો હતો ત્યારે રસ્તામાં ચંદ્રમાના પ્રકાશમાં તેને એક નવયુવતીને એક ઝાડ નીચે ઉદાસ બેઠેલી જુવે છે.પોલીસે નજીક જઈને તેની સાથે વાતચીત કરી ત્યારે નવયુવતીએ કહ્યું કે તેના પતિ સાથે તેનો ઝઘડો થયો છે અને આ ગામમાં મારૂં કોઈ સગું ન હોવાથી અહીયાં એકલી બેઠી છું.

નવયુવતીએ પોલીસને કહ્યું કે હું તમારી સાથે આવી શકું? પોલીસ તેને ઓળખતો ન હતો તેમછતાં દયાના ભાવથી કહ્યું કે તમે મારી સાથે મારી રૂમ ઉપર આવી શકો છો.નવયુવતી તેમની પાછળ પાછળ તેની રૂમમાં આવી જાય છે.આ ક્રમ રોજ ચાલે છે,દરરોજ રાત્રે તે પોલીસ સાથે તેની રૂમ ઉપર આવે છે, તેમની સાથે શારીરિક સુખ ભોગવે છે અને સવાર પડતાં જ ચાલી જાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે સ્ત્રી ઘી થી ભરેલો ઘડો છે અને પુરૂષ સળગતો અંગારો છે માટે ઘી અને અગ્નિનો સંગ કરવો યોગ્ય નથી.સ્ત્રીએ પોતાના પતિ સિવાયના જગતના કોઈપણ પુરૂષ સાથે એક ક્ષણ પણ એકાંતમાં ના રહેવું જોઈએ.જો પોતાના પિતા જમાઇ પૂત્ર સસરા દિયર અને ભાઇ યુવાન હોય તો તેઓની સાથે પણ ક્યારેય એકાંતમાં ન રહેવું.

આ નવયુવતી તેનું શારીરિક શોષણ કરતી રહી,તેનું લોહી ચુસતી અને આના લીધે તેની શક્તિ ક્ષીણ થવા લાગી.એક રાત્રે એક ઘટના બને છે.બંન્ને એક જ પલંગ ઉપર સાથે સૂઇ રહ્યા હતા અને લાઇટ બંધ કરવાનું રહી ગયું એટલે પોલીસે આ યુવતીને કહ્યું કે લાઇટની સ્વીચ બંધ કરી દો.નવયુવતીએ સૂતાં સૂતાં જ પોતાનો હાથ લાંબો કર્યો અને સ્વીચ પાડી લાઇટ બંધ કરી દીધું.યુવતીએ સૂતાં સૂતાં આઠ-દશ ફુટ હાથ લાંબો કરીને સ્વીચ-ઓફ કરી લાઇટ બંધ કર્યું તે જોઇને પોલીસને તો પરસેવો છુટી જાય છે અને તે ઘણો જ ગભરાઇ જાય છે.

પોલીસે ઘણી ઉલટતપાસ કરી ધમકી આપી પુછ્યું ત્યારે આ યુવતીએ કહ્યું કે હું કોઇ સાધારણ સ્ત્રી નથી પરંતુ એક ચુડૈલ છું અને યુવતીએ તેને ધમકી આપી કે જો તમે આ વાત કોઇને કહેશો તો હું તમોને જીવતા નહી છોડું, જાનથી મારી નાખીશ કારણ કે તમે જ મને પહેલા દિવસે આવી જા..એમ કહીને મને અપનાવી છે.

પોલીસમેનનું શરીર દિવસે દિવસે સૂકાવા લાગ્યું.તેના સાથે મિત્રોએ વારંવાર પુછ્યું કે તમારી આવી હાલત કેમ થઇ છે? તમોને શું બિમારી થઇ છે? પરંતુ ચુડૈલના ડરના લીધે સત્ય કોઇને કહી શકતા



નથી.એક દિવસ તે ઉપચાર કરાવવા ડાંકટર પાસે જાય છે.ડાંકટરે ઈન્જેશન આપી કેટલીક દવા-ગોળીઓ એક કાગળમાં પડીકું બાંધીને આપે છે જે તેને ખિસ્સામાં મુકી દીધી.

દરરોજના નિયમ મુજબ રાત્રિના સમયે ચુડેલ આવે છે અને ઘરની બહારથી જ બૂમ મારે છે કે તમારા ખિસ્સામાં જે કાગળનું પડીકું છે તે બહાર ફેંકી દો તો જ હું અંદર આવી શકીશ.ચુડેલે કાગળના પડીકાને બહાર ફેંકી દેવાની વાત વારંવાર કહી એટલે પોલીસને વિશ્વાસ થઇ ગયો કે માનો ના માનો પરંતુ આ કાગળના પડીકામાં જ કોઇક જાદું છે એટલે જ આ ચુડેલ મારી પાસે આવી શકતી નથી અને તેથી જ તે કાગળના પડીકાને બહાર ફેંકતા નથી.ચુડેલ હારી-થાકીને ત્યાંથી ચાલી જાય છે.પોલીસે ખિસ્સામાંથી દવા ગોળી બાંધેલ પડીકી કાઢીને જોયું તો દવાની ગોળીઓ બાંધેલ પડીકી ઉપર કાળો દોરો બાંધ્યો હતો અને દવા લેવા ગયા ત્યારે ડૉક્ટરે પોતાને ભેંટ મળેલ શ્રીમદ ભગવદ ગીતા પોલીસ જવાનને આપી હતી તે હરહંમેશાં પોતાની પાસે રાખતો હતો.

પોલીસ સમજી ગયો કે આ તો શ્રીમદ ભગવદ ગીતાજીનો પ્રભાવ છે કે તેના પ્રભાવથી ડરીને ચુડેલ ભાગી ગઇ છે.હવે તે હંમેશાં પોતાના ખિસ્સામાં ગીતાજી રાખતો અને નિર્ભય બનીને,સ્વસ્થ બની,સ્વછંદ બનીને ભયમુક્ત જીવન જીવવા લાગ્યો.

ભાગ્યે જ કોઈ ભારતીય હશે કે જેણે શ્રીમદ ભગવદ ગીતાનું નામ ન સાંભળ્યું હોય.ગીતા જ્ઞાન એ ગાગરમાં સાગર છે.જ્ઞાનનો આખેઆખો રસપ્રચુર મધપૂડો છે.માનવીના જીવનનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગીતા જ્ઞાન ઉપયોગી ન બનતું હોય.ગીતાની એટલી બધી વિશિષ્ટતાઓ છે કે જેનું વર્ણન કરવા બેસીએ તો પાર ન આવે.

ગીતાસાર એ છે કે મનુષ્ય શ્રધ્ધાપૂર્વક જે પણ શુભ કર્મ કરે છે તેને ભગવાનનું સ્મરણ કરીને જ શુભારંભ કરવો જોઇએ.તમામ ગ્રંથોનોનો સાર વેદ છે,વેદોનો સાર ઉપનિષદ છે,ઉપનિષદોનો સાર ગીતા છે અને ગીતાનો સાર ભગવાનની શરણાગતિ છે.જે અનન્યભાવથી ભગવાનનું શરણ લે છે તેને ભગવાન તમામ પાપોમાંથી મુક્ત કરી દે છે.

વ્યર્થની ચિંતા કેમ કરો છો? કોનાથી ડરો છો? તમને કોન મારી શકે તેમ છે? આત્મા જન્મ-મરણથી રહિત છે.ભૂતકાળમાં જે કંઇ થયું સારૂં જ થયું,વર્તમાન સમયમાં જે થઇ રહ્યું છે તે સારૂં જ થઇ રહ્યું છે અને ભવિષ્યમાં જે કંઇ થશે તે સારૂં જ થશે.તમે ભૂતકાળનો પશ્ચાતાપ ના કરો,ભવિષ્યની ચિંતા ના કરો,વર્તમાન સુધારો.

તમારૂં શું ગયું છે કે તમે રડો છો? તમે જન્મ સમયે સાથે શું લઈને આવ્યા હતા કે જે તમે ગુમાવ્યું છે? તમે શું પૈદા કર્યું છે કે જેનો નાશ થયો છે.તમે જન્મ સમયે કશું લઇને આવ્યા નહોતા અને મૃત્યુના સમયે કશું સાથે લઇને જવાના નથી.જે કંઇ મળ્યું તે અહીયાં આવ્યા બાદ પ્રભુએ આપ્યું છે અને મૃત્યુના સમયે અહી જ આપીને જવાનું છે.

ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાના છીએ.જે આજે તમારૂં છે તે ગઈકાલે બીજા કોઈનું હતું અને આવતીકાલે તે બીજા કોઈનું થઈ જવાનું છે તેને પોતાનું સમજો છો તે જ તમારા દુઃખનું કારણ છે. પરીવર્તન સંસારનો નિયમ છે.તમે જેને મૃત્યુ સમજો છો તે જ જીવન છે.એક ક્ષણમાં તમે કરોડોના સ્વામી બની જાઓ છો અને બીજી ક્ષણે તમે દરિદ્ર બની જાઓ છો.

મારૂં-તારૂં,નાના-મોટા,પોતાના-પારકાની ભાવના મનમાંથી કાઢી નાખશો તો તમામ તમારા છે અને તમે તમામના છો.આ શરીર તમારૂં નથી કે તમે શરીરના નથી.શરીર પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશથી બનેલું છે અને અંતે તેમાં જ સમાઇ જવાનું છે પરંતુ તમે નિર્ગુણ નિરાકાર અવ્યક્ત સ્થિર આત્મા જન્મ-મરણની ક્રિયાથી રહિત અલગ છો.

તમે પોતે પોતાને ભગવાનને અર્પણ કરી પ્રભુની શરણાગતિ સ્વીકારી લો કારણ કે એ જ ઉત્તમ સહારો છે અને આ સહારા(પરમાત્મા)ને જે જાણે છે તે ભય ચિંતા શોક તથા જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે.તૂં જે કંઈ કરે છે તે ભગવાનને અર્પણ કરી દે,આમ કરવાથી તૂં હંમેશાંના માટે જીવનમુક્તિનો આનંદનો અનુભવ કરી શકીશ.

આલેખનઃ
કુમારી નિતૂં સૈની

# એસ. કે.બ્લડ બેન્ક દ્વારા રક્તદાન શિબિર કાર્યક્રમ યોજાયો

૧૪ જૂન વર્લ્ડ બ્લડ ડોનર ડે ની ઉજવણીના ભાગરૂપે રોટરી ક્લબ ઓફ પાટણ સંચાલિત એસ.કે બ્લડ બેન્ક દ્વારા રક્તદાન શિબિર ની સાથે સાથે લોકોમાં જાગૃતિ આવે તે માટે રાજ્ય સરકાર ના ગાઇડન્સ અનુસાર સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રતિજ્ઞાપત્ર ભરાવવાની ડ્રાઇવ પણ કરવામાં આવી હતી.પોલીસ હેડ કવાર્ટર ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં પાટણ એસ.પી શ્રી ડો રવિન્દ્ર પટેલ આઈપીએસ દ્વારા રક્તદાન ની સાથે સાથે પ્રતિજ્ઞા પત્ર પણ ભરી અને સ્વૈચ્છિક રક્તદાન માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. ડીવાયએસપી પંડ્યા અને ૐ એન ડી પટેલ સહિત પોલીસ અધિકારીઓએ પણ આ પ્રતિજ્ઞાપત્ર ભર્યાહતા .

કલેક્ટર ઓફિસ ખાતે ડીડીઓ શ્રી બી એમ પ્રજાપતિ સાહેબ ,આઇએએસ દ્વારા પ્રતિજ્ઞાપત્ર ભરવાની સાથે આરોગ્યના તમામ અધિકારીઓ ને જિલ્લા મા સ્વૈચ્છિક રક્તદાન માટે વધુ કટિબદ્ધ બનવા સુચન કરવામાં આવ્યું. આ સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિષ્ણુભાઈ પટેલ દ્વારા જિલ્લા ના તમામ



મેડીકલ ઓફિસર પાસે સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી . ૐ ડો દિવ્યેશ પટેલ ,ડો. પરમાર , ડો. અલકેશ સોહેલ, ડો.અક્ષય પ્રજાપતિ, ડો નરેશભાઈ પટેલ સહિત તમામ આરોગ્યના અધિકારીઓ દ્વારા પ્રતિજ્ઞા પત્ર ભરવામા આવ્યા.

રોટરી ક્લબ પાટણ પ્રમુખ ઝેડ એન સોઢા , બ્લડ બેંક ચેરમેન રણછોડભાઈ પટેલ, રાજુભાઈ મોદી વિનોદભાઈ સુથાર , જયરામ પટેલ , એમ એન હાઈસ્કૂલના આચાર્ય અને સેવાભાવી ધનરાજભાઇ ઠક્કર સહિત રોટેરિયન મિત્રો દ્વારા બગવાડા દરવાજા ખાતે શહેરીજનો પાસે આ પ્રતિજ્ઞા પત્ર ભરાવી સ્વૈચ્છિક રક્તદાન ની ઝુંબેશ ને વધુ વેગવાન બનાવવા નો પ્રયાસ કરવામાં આવ્યો.

બ્લડ બેન્ક સ્થિત યોજાયેલ રક્તદાન શિબિરમાં મેડીકલ કોલેજ ના ડીન, પ્રયાસ ફાઉન્ડેશન ના પારસભાઈ પટેલ સહિત ૭૫ ઉપરાંત રક્તદાતાઓ દ્વારા રક્તદાન ની સાથે પ્રતિજ્ઞાપત્ર ભરવામા આવ્યા હતા . બ્લડ બેંક એડમિનીસટેટર રો નૈતિક પટેલ ની ટીમ દ્વારા રક્તદાન શિબિર નું સુંદર આયોજન અને રો. ડો બાબુભાઈ પ્રજાપતિ દ્વારા પ્રતિજ્ઞાપત્ર ભરવાની ડ્રાઇવ નુ સફળ રીતે સંચાલન કરવામાં આવ્યું

# થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧મુખી હનુમાન ધામ ખાતે વિશ્વ કલ્યાણ માટે સતત ૧૯૧મો સુંદરકાંડ પાઠ યોજાયો

થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧ મુખી હનુમાનજી ધામ ના મહંત ઘેવરદાસ મહારાજ દ્વારા સમગ્ર વિશ્વ જયારે કોરોનાના ભરડામા સપડાયેલુ હતુ તેવા કપરા કાળમાં વિશ્વ કલ્યાણ અર્થે દર શનિવારે ૧૧મુખી હનુમાન દાદા ના ધામ ખાતે સુંદરકાંડ પાઠ કરવાનો અદભૂત સંકલ્પ કરેલ હતો તયારથી માંડીને સતત ૧૯૧મા શનિવારે મહંત ઘેવરદાસજી મહારાજના શ્રીમુખે સુંદરકાંડ પાઠ યોજાયો આ પ્રસંગે ગણપતલાલ મહારાજ મા શેણલના ઉપાસક માંગરોળવાલા હાલ મોરીખા પણ ઉપસ્થિત રહ્યા હતા ૧૧મુખી હનુમાનજી ધામ આ



પંથકમાં શ્રધ્ધા અને આસ્થા ના પ્રતિક સમાન હોઈ દર શનિવારે દૂર દૂર થી માનવ મહેરામણ દાદા ના દર્શન કરવા પધારે છે દાદા ના દરબારમાં શનિવાર ભરનારની મનોકામના પૂર્ણ થાય છે તેવો લોક મત છે ૧૧મુખી હનુમાનજી ની સમગ્ર ભારત વર્ષની જોધપુરી લાલ પથ્થરમાંથી નિર્મિત ૩૧ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમા જનતાના આકર્ષણ નુ કેન્દ્ર છે લોકો દર્શન કરી ધન્યતા અનુભવે છે

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું